## –:: શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ પગારધોરણની વિગત ::–

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત | વયમર્યાદા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | (૨૬) સીટી ઈજનેર | મહાનગરપાલિકાનાં ઉપયોગી એવા વિષય જેવા કે સ્ટ્રકચરલ એન્વાયરમેન્ટલ હાઈડ્રોલિક વિગેરે સાથેના એમ.ઈ. (સીવીલ) તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૧૫ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ. તે પૈકીની મ્યુ. કોર્પોરેશનમાં ખાતાનાં વડા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સરકારનાં પ.વ.ખાતાનાં કાર્યપાલક ઈજનેર અને તેની સમકક્ષ હોદ્દા જેવી જગ્યા પરની કામગીરીનો પાંચ વર્ષનો અનુભવ હોવો જરૂરી.<br>અથવા<br>બી.ઈ.(સીવીલ) તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૧૮ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ. તે પૈકી મ્યુ. કોર્પોરેશનમાં ખાતાના વડા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સરકારશ્રીનાં પ.વ.ખાતાનાં કાર્યપાલક ઈજનેર અને તેની સમકક્ષ હોદ્દા જેવી જગા પરની કામગીરીનો ૭ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. | નિમણુંક માટેની વયમર્યાદા વધુમાં વધુ ૪૮ જયારે શીડયુલ કાસ્ટ તથા શીડયુલ ટ્રાઈબ્સના ઉમેદવારો માટે વયમર્યાદા ૫૦ વર્ષની, જયારે સુરત મ્યુનિ.કોર્પોરેશનમાં નોકરી કરતાં કર્મચારીઓ માટેની વયમર્યાદા વધુમાં વધુ ૫૨ (બાવન) વર્ષની રહેશે. | રૂા. ૧૨૦૦૦–૩૭૫–૧૬૫૦૦<br>પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦,<br>ગ્રેડ પે : ૭૬૦૦,<br>પે મેટ્રીકસ : ૭૮૮૦૦–૨૦૯૨૦૦ |
| ૨ | (૧૦) ડેપ્યુટી મ્યુનિ. કમિશનર<br>(સંભવિત ખાલી પડનાર–૦૧ જગ્યા સહિત)<br><br>**નોંધ** :– ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની જગ્યા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કોર્ટ કેસના ચુકાદાને આધિન હાલની બિનઅનામત–૨ જગ્યા પૈકી ૧ જગ્યા હાલ તુરંત ખાલી રાખવામાં આવશે. | (૧) માન્ય વિદ્યાપીઠના કોઈપણ શાખાના સ્નાતક તથા કાયદાના સ્નાતક અથવા કોઈપણ શાખાના અનુસ્નાતક.<br>(૨) સુરત મહાનગરપાલિકામાં રૂા.૮૦૦૦–૧૩૫૦૦ ના પગારધોરણવાળી અથવા રાજય સરકારશ્રીની વહીવટી સેવા વર્ગ–૧ના વહીવટી કક્ષાના અધિકારી અથવા તેને સમકક્ષ જગ્યાનો પાંચ (૫) વર્ષનો અનુભવ.<br>ઉચ્ચ લાયકાત અને અનુભવ ધરાવનારને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના કર્મચારીને અનુભવમાં છૂટછાટ આપી શકાશે. | ૪૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં વયમર્યાદા લાગુ પડશે નહીં. | રૂા. ૧૨૦૦૦–૩૭૫–૧૬૫૦૦<br>પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦,<br>ગ્રેડ પે : ૭૬૦૦,<br>પે મેટ્રીકસ : ૭૮૮૦૦–૨૦૯૨૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | (૧૧) ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર (પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) | (૧) માન્ય વિદ્યાપીઠનાં એમ.ઈ. (સીવીલ) અથવા બી.ઈ. (સીવીલ) અથવા એમ. આર્ક. અથવા બી.આર્ક. અને માન્ય વિદ્યાપીઠ કે સંસ્થાના સીટી પ્લાનીંગ / ટાઉન પ્લાનીંગ / રીજીયોનલ પ્લાનીંગ / અર્બન ડીઝાઈનના પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી કે પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમાં ધરાવનાર અથવા ઈન્સ્ટીટયુટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડીયા સંસ્થાની પરીક્ષા પાસ કરી મેમ્બરશીપ ધરાવનાર વ્યકિત.<br><br>(૨)પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી કે પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમાં મેળવ્યા બાદ ઓછામાં ઓછી ૧૦ વર્ષની ટાઉન પ્લાનીંગ કે ટાઉન ડેવલપમેન્ટ અંગેની કામગીરીનો / નોકરીનો અનુભવ હોવો જરૂરી. તે પૈકી ભારતમાંની કોઈપણ મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનર કે ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સરકારશ્રીનાં ટાઉન પ્લાનીંગ ખાતાનાં ડેપ્યુટી ટાઉન પ્લાનર કે ડેપ્યુટી આર્કીટેકટ અગર તેની સમકક્ષ હોદ્દો જેવી જગ્યાઓનો આઠ વર્ષનો અનુભવ હોવો જરૂરી.<br><br>(૩) ઉપરોકત લાયકાત ઉપરાંત મહાનગરપાલિકાનાં કાયદા કાનુન તેમજ ટાઉન પ્લાનીંગ કાયદાનો જાણકાર તેમજ અન્ય કાયદાકીય જ્ઞાન અને પદવી ધરાવનારને પસંદગી આપવામાં આવશે. | ૪૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં વયમર્યાદા લાગુ પડશે નહીં. | રૂા. ૧૨૦૦૦–૩૭૫–૧૬૫૦૦<br>પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦,<br>ગ્રેડ પે : ૭૬૦૦,<br>પે મેટ્રીકસ : ૭૮૮૦૦–૨૦૯૨૦૦ |
| ૪ | (૧૬) આસીસ્ટન્ટ મ્યુનિ. કમિશ્નર | (૧) માન્ય વિદ્યાપીઠના કોઈપણ શાખાના સ્નાતક તથા કાયદાના સ્નાતક.<br>(૨) કોઈપણ સરકારી /અર્ધસરકારી સંસ્થામાં જવાબદારી ભરેલા હોદ્દા પર દશ વર્ષનો વહીવટી અનુભવ.<br>(૩) ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રિમતા આપવામાં આવશે. | ૪૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં વયમર્યાદા લાગુ પડશે નહીં. | રૂા. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦<br>પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦,<br>ગ્રેડ પે : ૬૬૦૦,<br>પે મેટ્રીકસ : ૬૭૭૦૦–૨૦૮૭૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | (૫૪) કાર્યપાલક ઈજનેર (ઈલે./ ઈલે.અને મીકે.)<br><br>નોંધ :– રાજય સરકારશ્રીની મંજુરીને આધિન સદર જગ્યાની ભરતી કરવામાં આવશે. | (૧) માન્ય યુનિવર્સિટીની ઈલેકટ્રીકલ / ઈલેકટ્રીકલ અને મીકેનીકલ એન્જીનીયરીંગ અથવા તેની સમકક્ષ ડીગ્રી (સ્નાતક).<br>(૨) ઓછામાં ઓછો પાંચ વર્ષનો ડેપ્યુટી ઈજનેર/ આસી.ઈજનેર ઈલેકટ્રીકલ / ઈલેકટ્રીકલ અને મીકેનીકલ તરીકેનો અનુભવ.<br>અથવા<br>(૧) ડી.ઈ.ઈ. તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૧૫ વર્ષની નોકરી/કામગીરીનો અનુભવ હોવો જરૂરી છે. તે પૈકી સરકારશ્રીના પી.ડબલ્યુ . ડી. ખાતામાં ડેપ્યુટી ઈજનેર અગર તેની સમકક્ષ જગ્યા પરનો ચાર વર્ષનો અનુભવ હોવો જરૂરી જયારે એસ.એમ.સી.માં કામ કરતા કર્મચારીઓ માટે જુનીયર ઈજનેર અગર તેની સમકક્ષ જગ્યા પરનો સાત વર્ષનો અનુભવ હોવો જરૂરી.<br>(૨)ઉચ્ચ લાયકાત અને અનુભવ ધરાવનારને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.<br>(૩)સુરત મહાનગરપાલિકાના કર્મચારીને અનુભવમાં છુટછાટ આપી શકાશે. | ૪૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં વયમર્યાદા લાગુ પડશે નહીં. | રૂા. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦<br>પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦,<br>ગ્રેડ પે : ૬૬૦૦,<br>પે મેટ્રીકસ : ૬૭૭૦૦–૨૦૮૭૦૦ |

## –:: વયમર્યાદા ::–

વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : **૨૭/૦૨/૨૦૨૦** ના રોજ ગણવામાં આવશે. સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. પરંતુ સુરત મહાનગરપાલિકામાં માસિક ફિકસ તાલીમ ભથ્થાથી તાલીમાર્થી તરીકે ફરજ બજાવતા તાલીમાર્થીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે. આ જાહેરાતમાં જે કેટેગરીના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કેટેગરીના મૂળ ગુજરાતનાં હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૨) | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૩) | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૪) | સામાન્ય વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૫) | સામાન્ય વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૬) | અનામત વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૭) | અનામત વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |

